ભટગામ પાસે બાઈક પર પસાર થતાં માતા-પુત્ર ઉપર બે દીપડાનો હુમલો

બેલેન્સ ગુમાવતાં જિજ્ઞેશે માતાને સરખા બેસવા જણાવતાં મીનાબહેનને દીપડાએ પંજો માર્યો

સમયસૂચકતા વાપરી બાઇક પૂરઝડપે ભગાવતાં આબાદ બચાવ થયો

ઓલપાડ ટાઉનઃ ઓલપાડ તાલુકામાં થોડા દિવસ અગાઉ નઘોઈ, કસાદ, ઠોઠબ બાદ કોબા પારડી વિસ્તારોમાં દીપડો જોવા મળ્યો હતો. જેને પગલે મંગળવારે વન વિભાગે પારડી ગામમાં પાંજરું ગોઠવી દીપડાને પકડવા કવાયત હાથ ધરી હતી. પરંતુ હવે ફરી પાછો ભટગામ રાજનગર માર્ગ પર મજીરા હનુમાનજી મંદિર નજીકથી મોટરસાઈકલ પર પસાર થતાં માતા-પુત્ર ઉપર દીપડાએ હુમલો કરતાં ચાલકે પૂરઝડપે ગાડી ભગાવતાં આબાદ બચાવ થયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ ઓલપાડ તાલુકામાં થોડા દિવસ અગાઉ નઘોઈ ગામમાં દીપડાએ મોટરસાઈકલ ચાલક યુવાનો પર હુમલો કર્યા બાદ અસનાડ, કસાદ અને ઠોઠબ ગામની સીમમાં દીપડો દેખાયો હતો. બે દિવસ પૂર્વે કોબા પારડી ગામનાં ખેતરો અને કીમ નદીના તટીય વિસ્તારોમાં દેખાયો હતો. જો કે, ફરીવાર ભટગામ-રાજનગર રોડ પર મજીરા હનુમાનજી મંદિર નજીકથી આંધી ગામના જિજ્ઞેશ જયંતી પટેલ પોતાની સ્પ્લેન્ડર બાઈક નં.(GJ05 HD 7195) પર તેમની માતા મીનાબેન સાથે મંદરોઈ ગામે સંબંધીને ત્યાંથી સાંજે ૭:૩૦ વાગ્યાના અરસામાં પરત ફરી રહ્યો હતો. ત્યારે અચાનક ઝાડીમાંથી નીકળેલા બે દીપડાએ તેમની મોટરસાઈકલ પર પાછળથી હુમલો કર્યો હતો. જો કે, બેલેન્સ ગુમાવતાં જિજ્ઞેશે તેમની માતાને સરખા બેસવા જણાવતાં મીનાબહેનને દીપડાએ પંજો માર્યો હતો. જે સ્વેટરમાં ભેરવાયો હતો. આ હકીકત જણાવતાં જિજ્ઞેશે ત્યાંથી પૂરઝડપે ગાડી ભગાવી મૂકી હતી. બાદ પચાસેક મીટર સુધી બંને દીપડાએ પીછો કર્યો હતો. આ અંગે જિજ્ઞેશે તેમના બનેવી અને ઓલપાડ તાલુકા પંચાયતના દંડક કિરણ પટેલ (માસમા)ને જાણ કરી હતી. બાદ કિરણ પટેલે ઓલપાડ ફોરેસ્ટ ઓફિસર મનીષા પરમારને જાણ કરતાં વન અધિકારીઓએ ભટગામ ખાતે સ્થળ મુલાકાત લીધી હતી.

શહેરમાં ઉત્તરના ઠંડા પવનોએ લોકોને ધ્રુજાવ્યા, તાપમાન વધ્યું છતાં ઠંડી

સુરત, નવસારી, બારડોલીઃ શહેરમાં આજે મહત્તમ તાપમાનમાં વધારો અને લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. દિવસનું તાપમાન અડધો ડિગ્રી વધવા છતાં ઉત્તર દિશામાંથી ફૂંકાતા ઠંડા પવનોએ લોકોને હાડ થીજાવતી ઠંડીનો અહેસાસ કરાવ્યો હતો.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ શહેરમાં ઠંડીમાં આજે સામાન્ય વધઘટ જોવા મળી હતી. શહેરમાં આજે મહત્તમ તાપમાન અડધો ડિગ્રી વધીને 26 ડિગ્રી નોંધાયું હતું. તેમ છતાં ઉત્તરના ઠંડા પવનો ફુંકાતા દિવસે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. લોકોને દિવસે પણ ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડી હતી. આજે દિવસભર 6 કિલોમીટરની ઝડપે ઉત્તરનો પવન ફૂંકાયો હતો. જ્યારે લઘુત્તમ તાપમાન 14 ડિગ્રી નોંધાયું હતું. લઘુત્તમ તાપમાનમાં આંશિક વધારો થયો હોવા છતાં આજે દિવસભર ઠંડીમાં લોકો ધ્રુજતા રહ્યાં હતાં. બપોરે ફરજિયાત ગરમ કપડાં પહેરી રાખવા પડે તેટલી ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો

છેલ્લા બે દિવસથી બારડોલીના વાતાવરણમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. વાદળછાયા વાતાવરણ વચ્ચે ધીમી ગતિએ વાતો ઠંડો પવન લોકોને રીતસર ધ્રુજાવી રહ્યો છે. બારડોલીમાં રાત્રિ દરમ્યાન તાપમાનનો પારો 10 ડિગ્રી સુધી પહોંચી જતાં લોકો ઘરમાંથી બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. નવસારીમાં આજે લઘુત્તમ તાપમાન દોઢ ડીગ્રીના ઘટાડા સાથે 9.9 ડિગ્રી નોંધાતા હાડ થીજવતી ઠંડી પડી હતી. મહત્તમ તાપમાનમાં એક ડીગ્રીનો ઘટાડો થતા આજે સિઝનનો બીજો સૌથી ઠંડો દિવસ નોંધાયો છે. નવસારીમાં ગત 14મીએ લઘુત્તમ તાપમાન 8 ડિગ્રી નોંધાતા સિઝનનો સૌથી ઠંડો દિવસ નોંધાયો હતો.

આજથી ૯ દિવસ પૂણા પાટિયા ફ્લાય ઓવરબ્રિજની નીચેનો રસ્તો બંધ રહેશે

ડ્રેનેજની કામગીરી હોવાથી વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવા સુરત મનપા દ્વારા અપીલ કરાઇ

સુરત : શહેરના વિવિધ વિસ્તારોમાં ડ્રેનેજની કામગીરી યુદ્ધસ્તરે હાથ ધરવામાં આવી રહી છે ત્યારે આજથી પૂણા પાટિયા ફ્લાય ઓવર બ્રિજ નીચેનો રસ્તો પણ ૯ દિવસ સુધી બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ડ્રેનેજની કામગીરીને પગલે આ રસ્તો વાહન - વ્યવહાર માટે પ્રતિબંધિત જાહેર કરવામાં આવતાં મહાનગર પાલિકા દ્વારા શહેરીજનોને વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવા માટે અપીલ કરવામાં આવી છે.

સૂત્રો પાસેથી જાણવા મળતી માહિતી અનુસાર છેલ્લા કેટલાક સમયથી સુરત મહાનગર પાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ડ્રેનેજ નેટવર્કને વધુ સુદ્રઢ બનાવવા માટેની તજવીજ હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે જ વરાછા ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ પરવટ પાટિયા કેનાલ રોડ પર આવેલા વિશ્વકર્મા જંક્શન પાસે આજથી ડ્રેનેજની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેના પગલે આગામી નવ દિવસ સુધી પૂણા પાટિયા ફ્લાય ઓવર બ્રિજ નીચેના ભાગને વાહન વ્યવહાર માટે બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, શહેરના મોટા ભાગના વિસ્તારોમાં ડ્રેનેજ સહિતની કામગીરીને પગલે પીક અવર્સમાં ટ્રાફિક જામની સમસ્યા શહેરીજનો માટે માથાના દુખાવા સમાન સાબિત થઈ રહી છે ત્યારે હવે સારોલી ટેક્સટાઈલ માર્કેટ વિસ્તારોને સાંકળતા પૂણા પાટિયા ફ્લાય ઓવર બ્રિજની નીચેનો ભાગ પણ ડ્રેનેજની કામગીરી માટે બંધ કરવાનો નિર્ણય લેવામાં આવતાં લોકોને સવારથી ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

આજે પહેલા જ દિવસે પીક અવર્સ દરમ્યાન ભારે ટ્રાફિક જામના દ્રશ્યો વચ્ચે વાહન ચાલકોને કામ - ધંધે પહોંચવામાં નવ નેજા પાણી આવ્યા હતા. અલબત્ત, મનપા દ્વારા જે વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવા માટે શહેરીજનોને અપીલ કરવામાં આવી છે ત્યાં પણ સવારથી જ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતાં.

પલસાણાના વણેસામાં એક દિવસીય ખેડૂત તાલીમ શિબિર યોજાયો

સુરતઃ આઝાદી કા અમૃત મહોત્સવના અવસરે નાયબ બાગાયત નિયામકની કચેરી દ્વારા પલસાણાના વણેસા ગામે એક દિવસીય ખેડૂત તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરતના કૃષિ વિજ્ઞાન કેન્દ્રના તજજ્ઞ ડો.રાકેશ પટેલે બાગાયતી પાકોમાં ઉપયોગ લેવામાં આવતા જૈવિક ખાતર અને જૈવિક રોગ નિયંત્રણ અંગે માહિતી આપી હતી. મદદનીશ બાગાયત નિયામક ડો.ક્રિષ્ના ડી.પટેલે બાગાયત ખાતાની યોજનાકીય માહિતી અને બાગાયતી પાકોમાં અસરકારક પરિબળો સાથે તેના ઉકેલ અંગે માહિતી આપી હતી. પ્રાકૃતિક ખેતી અપનાવવા અંગે તથા એના ઉપયોગ અંગે એટીએમએ-પ્રોજેક્ટના બીટીએમ સંદીપભાઈએ માર્ગદર્શન આપ્યું હતું. ગામના પ્રગતિશીલ ખેડૂત એવા નિલેશભાઇ પટેલે ગામમાં થતી ખેતીની ચર્ચા કરી હતી.

નિરંકારી બાબા સત્સંગમાં દક્ષિણ ગુજરાતના હજારો ભક્ત જોડાયા

■ ઉધના-મગલલ્લા રોડ ખાતે નર્મદ યુનિવર્સિટીની સામે આવેલા ગ્રાઉન્ડ ઉપર નિરંકારી બાબાનો સત્સંગ યોજાયો હતો, જેમાં દક્ષિણ ગુજરાતમાંથી હજારો ભક્ત ઊમટી પડ્યા હતા. (તસવીર : સતિષ જાદવ)

એસડીસીએ દ્વારા અંડર-16 ક્રિકેટરની પસંદગી માટે નેટ યોજાશે

સુરતઃ ગુજરાત ક્રિકેટ એસોસિએશનના નેજા હેઠળ રમાનાર આંતર જિલ્લા (અંડર-૧૬) ક્રિકેટ ટુર્નામેન્ટની તૈયારી રૂપે સુરત જિલ્લાની અંડર-૧૬ ક્રિકેટ ટીમની પસંદગી કરવામાં આવશે. જેમણે આ પસંદગીમાં ભાગ લેવો હોય તેમણે શુક્રવાર, તા.૨૭ જાન્યુઆરી-૨૦૨૩ના રોજ લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ પર સવારે ૭ વાગ્યે પસંદગી નેટ માટે હાજર રહેવું પડશે. તા.૧ સપ્ટેમ્બર-૨૦૦૭થી ૩૧ ઓગસ્ટ-૨૦૦૯ વચ્ચે જન્મેલા ખેલાડીઓ જ આ પસંદગી નેટમાં ભાગ લઈ શકશે. રસ ધરાવનાર ખેલાડીઓએ ક્રિકેટ કિટ સાથે સફેદ ગણવેશમાં જન્મ તારીખના પુરાવા સાથે સમયસર શુક્રવાર, તા.૨૭ જાન્યુઆરી-૨૦૨૩ના રોજ સવારે ૭ વાગ્યે લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ પર અંડર-૧૬ના કોચ ભૂપેન્દ્ર પટેલનો સંપર્ક કરવાનો રહેશે.

ધો.9ના વિદ્યાર્થીઓ માટેની પ્રખરતા શોધ કસોટી 7મી ફેબ્રુઆરીએ, હોલ ટિકિટ જાહેર

બંને પ્રશ્નપત્ર મળી 100 પ્રશ્નના 100 ગુણ હશે, જે માટે વિદ્યાર્થીઓને 120 મિનીટનો સમય આપવામાં આવશે

હોલ ટિકિટ બોર્ડની વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી શકાશે

આ પરીક્ષા માટે આવેદનપત્ર ભર્યા હોય તેવા પરીક્ષાર્થીઓએ હોલ ટિકિટ બોર્ડની વેબસાઈટ gseb.org અથવા tst.gsebht.in પરથી શાળા દ્વારા ડાઉનલોડ કરી શકાશે. શાળાઓએ પરીક્ષાર્થીઓની હોલ ટિકિટની પ્રિન્ટ કાઢી તેની ખરાઈ કરીને, હોલ ટિકિટમાં પરીક્ષાર્થીની સહી, વર્ગ શિક્ષકની સહી તેમજ આચાર્યના સહી સિક્કા કરીને, પરીક્ષાર્થીને આપવાની રહેશે.

અમદાવાદ : ગુજરાત શિક્ષણ બોર્ડ ધોરણ-9માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રતિભા બહાર લાવવા માટે પ્રખરતા શોધ કસોટીનું આયોજન કરે છે. આ વર્ષે બોર્ડે આગામી સાતમી ફેબ્રુઆરીના રોજ પ્રખરતા શોધ કસોટીનું આયોજન કર્યું છે, તે માટેની હોલ ટિકિટ જાહેર કરી દેવામાં આવી છે.

કસોટીમાં ઓએમઆર શીટમાં બારકોડ સ્ટીકરનો ઉપયોગ કરવામાં આવશે અને વિદ્યાર્થીઓની હાજરી માટે ધોરણ-10 અને 12ની બોર્ડની પરીક્ષામાં વાપરવામાં આવતા પત્રકનો ઉપયોગ કરવામાં આવશે.

પરીક્ષામાં 2 પ્રશ્નપત્ર લેવાશે. જેમાં પહેલા પ્રશ્નપત્રમાં ગુજરાતી, અંગ્રેજી, સામાજિક વિજ્ઞાન અને સામાન્ય જ્ઞાન વિષય આવરી લેવાશે. તમામ વિષયના 30-30 પ્રશ્ન પૂછાશે. જ્યારે પ્રશ્નપત્ર બેમાં ગણિત, વિજ્ઞાન અને માનસિક ક્ષમતા વિષયના 30-30 પ્રશ્નો પૂછાશે. આમ બંને પ્રશ્નપત્ર મળી 100 પ્રશ્નના 100 ગુણ હશે. જે માટે 120 મિનિટનો સમય આપવામાં આવશે. પ્રશ્નપત્ર-1 બપોરનાં 11:00થી 13:00 કલાક સુધી અને પ્રશ્નપત્ર-2 બપોરનાં 14:00થી 16:00 કલાક સુધી ચાલશે. પ્રશ્નપત્ર એક અને બેમાં કુલ 200 ગુણમાંથી પર્સન્ટાઈલ પ્રમાણે કુલ એક હજાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ આપશે.

50થી વધુ જગ્યાએ વીજવાયરની ચોરી કરનાર ગેંગ ઝડપાઈ

બારડોલી, પલસાણા, સેવણી, માંગરોળ અને માંડવીમાં સક્રિય ટોળકી પકડવામાં સુરત ક્રાઇમ બ્રાન્ચને સફળતા

સુરત : ક્રાઈમ બ્રાન્ચે સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં 50થી વધુ વિસ્તારોમાં વીજ લાઈનની ચોરી કરનાર કુમાવત ગેંગને ઝડપી પાડી છે.

ક્રાઈમ બ્રાન્ચના હાથે પકડાયેલા આરોપી કનૈયાલાલ સોહનજી કુમાવત (ઉ. વર્ષ 27, ધંધો ભંગાર પસ્તીનો રહેવાસી કામરેજ વેલંજા ગામ)એ પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી કે, ભીલવાડાના નારાયણ કુમાવત તથા તેની ગેંગના પપ્પુ , હેમરાજ અન્ય સાગરિતોને લઈને તે કામરેજ ખાતે ચાલુ વીજલાઈનના વાયરની ચોરી કરતો હતો. ચોરી કરતાં પહેલાં તેઓ સ્વીફ્ટ કારમાં રેકી કરતાં હતાં. ત્યારબાદ તેઓ બારડોલી, પલસાણા, સેવણી, માંગરોળ, માંડવીની અલગ અલગ સીમમાંથી દિવસ કે રાત્રિ દરમિયાન ચાલુ વીજલાઈનના વાયરો કાઢી લેતા હતાં.

આ માલ તેઓ પીકઅપ ટેમ્પામાં મૂકીને દિપક જૈન નામના વેપારીને વેચતા હોવાની તેમણે કબૂલાત કરી હતી કબૂલાત કરી હતી. પોલીસે આ ગેંગ દ્વારા કરવામાં આવેલી 50થી વધુ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો છે.

તેમની મોડસ ઓપરેન્ડાઇ એવી હતી કે, ચાલુ વીજ વાયરમાં દોરડુ વચ્ચે નાંખીને બે લાઈન ભેગી કરી દેતા હતાં. ત્યારબાદ ફોલ્ટ થતા વીજ સપ્લાય જેવો બંધ થાય કે તેઓ વીજ વાયરની ચોરી કરીને ભાગી જતા હતાં.

પેન્શન અને ભરતી સહિતના મુદ્દે સમાધાનની બેઠક ભાંગી પડતાં

30-31 જાન્યુઆરીએ રાષ્ટ્રીયકૃત બેંકના કર્મચારીઓની હડતાળ

28મીએ ચોથો શનિવાર અને રવિવારની રજા પછી સોમ, મંગળવારે હડતાળને લીધે 1600 કરોડનું ટ્રાન્ઝેક્શન ખોરવાશે

સુરત : યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ (UFBU) અને ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસિએશન (AIBEA) વચ્ચે ગુરુવારે યોજાયેલી સમાધાન ફોર્મ્યુલા નક્કી કરવા માટેની બેઠક પડી ભાંગતાં જૂની પેન્શન સ્કીમ અને ભરતી સહિતનાં મુદ્દે રાષ્ટ્રીય કૃત બેંકોનાં કર્મચારીઓ 30 અને 31 જાન્યુઆરીએ હડતાળ પાડશે. જેમાં દેશભરનાં નવ લાખ બેંક કર્મચારીઓ અને અધિકારીઓ હડતાલમાં જોડાશે. ગુજરાત બેંક વર્કર્સ યુનિયનનાં મહામંત્રી કે. પી. અંતાણી અને સંગઠન મંત્રી વસંત બારોટે જણાવ્યું હતું કે, બેંક કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં અઠવાડીયામાં પાંચ દિવસનું બેંકનું કામકાજ અત્યારના સમયમાં ટેક્નોલોજીને કારણે બેંકીંગ કામકાજમાં બદલાવ આવ્યો છે. ટેક્નોલોજીની ઉપલબ્ધીને કારણે બેંકોમાં પાંચ દિવસનો વ્યવહાર રાખવો જરૂરી છે.

2010 પછી બેંક કર્મચારીઓ માટે નવી પેન્શન યોજના અમલમાં આવી છે. બજાર આધારીત આ પેન્શન યોજનાથી નિવૃત્તિ સમયે કર્મચારીઓને ક્ષુલ્લક પેન્શન મળે છે. જે નિવૃત્તિ બાદનું જીવન દોઝખરૂપ થઈ જાય છે. તેથી નવી પેન્શન યોજના રદ કરી મોંઘવારી સાથેની જુની પેન્શન યોજના અમલમાં મુકવી જોઈએ. કર્મચારીઓની પુરતા પ્રમાણમાં ભરતી કરવી જોઈએ. બેંકોમાં લગભગ એક લાખ ઉપર કર્મચારીઓની જગ્યા ખાલી છે. પહેલાં વર્ષે એક લાખ જેટલા કર્મચારીઓની ભરતી કરવામાં આવતી. આ વર્ષે બેંકોમાં કુલ 5000 કર્મચારીની ભરતી કરવામાં આવી છે. જેને કારણે ગ્રાહક સેવા ઉપર અસર પડે છે. કર્મચારીઓ ઉપર કામનું ભારણ વધી જાય છે. બેંકોમાં પટાવાળાની ભરતી લગભગ નહીં જેવી છે અને મોટાભાગનું કામ કરારી કર્મચારી મારફત કરાવવામાં આવી છે. જેને કારણે બેંકોમાં ઉચાપતનો ભય રહે છે. કલાર્ક કક્ષામાં પણ કરાર કર્મચારીની નિમણૂકને કારણે ફ્રોડનો ભય સતત રહે છે. રાષ્ટ્રીય બેંકોના કર્મચારીઓ, અધિકારીઓની બે દિવસની હડતાળને લઈ સમાધાનની બેઠક પડી ભાંગી છે. 28મી જાન્યુઆરીએ ચોથો શનિવાર અને રવિવારની રજા પછી સોમ, મંગળવારે હડતાળને લીધે 1600 કરોડનું ટ્રાન્જેક્શન ખોરવાશે. એક રીતે 4 દિવસ બેંક બંધ રહેશે. શુક્રવારે 27 જાન્યુઆરીએ નાખેલો ચેક બુધવારે ક્લિયરીંગ હાઉસમાં આવશે. ગુજરાત બેંક વર્કર્સ યુનિયનનાં સંગઠન મંત્રી વસંત બારોટે જણાવ્યું હતું કે, બે દિવસની હડતાળમાં આ વખતે એસબીઆઈ સહિતની બેંકોના કર્મચારીઓ પણ જોડાશે.

બેંક ઓફ ઇન્ડિયા અને બેંક ઓફ મહારાષ્ટ્ર તા. 26 થી 6 દિવસ બંધ રહેશે

બેંક ઓફ ઇન્ડિયા અને બેંક ઓફ મહારાષ્ટ્રનાં પેન્ડિંગ પ્રશ્નો નહીં ઉકેલાવા સાથે મેનેજમેન્ટ સાથેની મંત્રણા પડી ભાંગતા આ બે બેંકોના કર્મચારીઓ 27, 30, 31 જાન્યુઆરી હડતાળ પાડશે, 28 મીએ બીજો શનિવાર અને 29 મી જાન્યુઆરીએ રવિવાર હોવાથી 27 મીએ આ બેંકો હડતાળ પર જશે અને એ પછી સીધી 1 ફેબ્રુઆરીએ ઉઘડશે. એટલે કે, સતત 6 દિવસ બંધ રહેશે. 26 જાન્યુઆરીએ જાહેર રજા છે. 27 મીએ હડતાળ, 28, 29 બીજા શનિવાર અને રવિવારની રજા અને એ પછી 30, 31 જાન્યુઆરીએ ફરી બે દિવસની હડતાળમાં જોડાશે. આવતીકાલે જે ચેક આ બેંકોમાં રજૂ થશે. એ ક્લિયરીંગ હાઉસમાં 1 ફેબ્રુઆરીનાં રોજ આવશે.

સુરત, નવસારી અને વાપીમાં પાંચ રૂપિયામાં શ્રમિકોને ભોજન મળશે

ગાંધીનગર : શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત તા. ૨૭ જાન્યુઆરીના રોજ રામનગર કડિયાનાકા-સુરત, તા. ૨૯ જાન્યુઆરીના રોજ ઝંડા ચોક કડિયાનાકા-વાપી, તા. ૨૯ જાન્યુઆરીના રોજ શહીદ ચોક કડિયાનાકા-નવસારી તેમજ તા. 30 જાન્યુઆરીના રોજ મહેસાણાના પરા ટાવર કડિયાનાકા ખાતે ભોજન કેન્દ્રો શરૂ કરવામાં આવશે.

પશ્ચિમ રેલવે
ઓટોમેટિક ફાયરની જોગવાઈ ડિટેક્શન અને એલાર્મ સિસ્ટમ
વરિષ્ઠ વિભાગીય સિગ્નલ અને ટેલિકોમ ઈજનેર (ઉત્તર), બીજો માળ, ડિવિઝનલ રેલવે મેનેજર ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ- 400 008. ટેન્ડર નંબરઃ S G/216/2/64/WA/R2 તારીખઃ 24.01.2023 આમંત્રિત કરે છે. કાર્ય અને સ્થાનઃ મુંબઈ ડિવિઝન પશ્ચિમ રેલવેનાં 3 સ્ટેશનો (વૈતરણા, સફાલે અને કરમબેલી) પર ઓટોમેટિક ફાયર ડિટેક્શન એન્ડ એલાર્મ સિસ્ટમ (AFDAS)ની જોગવાઈ. કામની આશરે કિંમતઃ રૂ. 10,41,869.67. ખાસ ઓફિસ જ્યાં ઈ-ટેન્ડર ખુલે છેઃ ઉપર જણાવ્યા મુજબ EMD: રૂ. 20,800/-. ઇ-ટેન્ડરનો પ્રકારઃ ઓપન ઇ-ટેન્ડર. ઇ-ટેન્ડર દસ્તાવેજો સબમિટ કરવા માટે બંધ થવાની તારીખ અને સમયઃ 15.02.2023ના રોજ 15.00 કલાકે. ઇ-ટેન્ડર ખોલવાનો સમય અને તારીખ :15.02.2023ના રોજ 15.30 કલાકે. ટેન્ડર વેબ સાઇટ http://www.ireps.gov.in.
0778
Like us on : facebook.com/WesternRly

કાળીદાસ હોસ્પિટલમાં વિના મૂલ્યે 16મો સર્જીકલ કેમ્પ યોજાયો

સુરત : અરૂણા અનિલ વ્યારા પ્રદેશ વિકાસ પ્રતિષ્ઠાન સંચાલિત કાળીદાસ હોસ્પિટલમાં 16મો ત્રણ દિવસનો જનરલ સર્જીકલ કેમ્પ તા. 6-7-8/1/23ના રોજ સંપન્ન થયો હતો. આ કેમ્પમાં ગરીબ તેમજ વંચીત લોકોની સારવાર કરવામાં આવી હતી. આ કેમ્પોમાં દર વર્ષે હાઈડ્રોસીલ, હર્નિયા, એપેન્ડીકસ અને લેપ્રોસ્કોપી જેવા મોટા ઓપરેશન વિના મૂલ્યે કરવામાં આવ્યા હતાં. તેમજ દર્દીઓને અને તેમના સંબંધીઓને રહેવા તથા જમવાની સગવડ અને દર્દીઓનો દવા અને ઓપરેશનનો વિના મૂલ્યે કરવામાં આવ્યા હતા. 16મા સર્જીકલ કેમ્પમાં 141 દર્દીઓના 173 ઓપરેશનો કરવામાં આવ્યા હતા. અમેરિકા સ્થિત ડો. નીતિનભાઈ શાહ અને ડો. સુવાસભાઈ દેસાઈ સાથે રાજકોટ, ભાવનગર સુરતના પણ સર્જન ઉત્સાહથી સેવા આપી હતી. આ સમગ્ર કેમ્પમાં સંસ્થાના ડાયરેક્ટર ડો. અજય દેસાઈના માર્ગદર્શન હેઠળ સંસ્થાના તમામ કર્મચારીગણો ખુબ જ મહેનત કરી સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો.

અનુસંધાન... પાના છેલ્લાનું

લોન માટે...

સુરત શહેર પોલીસ દ્વારા મુહિમ શરૂ કરવામાં આવી છે. જેના ફળ સ્વરૂપે છેલ્લાં બે દિવસમાં પોલીસ કંટ્રોલરૂમ પર 70 નાગરિકોએ ફોન કરી તેઓને લોનની જરૂરત હોવાની કેફિયત રજૂ કરી છે. પોલીસ કંટ્રોલરૂમ દ્વારા આ નાગરિકો પાસેથી મેળવેલી વિગતોને બેંકોને પહોંચાડવામાં આવી છે.

નાણાં ભીડનો સામનો કરી રહેલા નાગરિકોને સરળતાથી લોન મળી રહે તે માટે પહેલી વખત પોલીસ દ્વારા કોઈ એવું કાર્ય કરાયું હતું જે કદાચ વિચારી પણ શકાય નહીં. પોલીસ કમિશનર અજયકુમાર તોમર દ્વારા જે નાગરિકોને લોનની આવશ્યકતા હોય તેઓને 100 નંબર ઉપર ફોન કરવા માટે અપીલ કરી હતી. જે સંદર્ભે આજરોજ ગુજરાત મિત્ર દ્વારા પોલીસ કંટ્રોલ રૂમ પર ફોન કરીને એ જાણવાનો પ્રયાસ કરાયો હતો કે કેટલા નાગરિકોએ પોલીસની આ મુહિમ પર ભરોસો મૂકીને લોન માટે મદદ માંગી હતી. 70 પરિવારોએ આજરોજ 100 નંબર ડાયલ કરીને લોનની જરૂરિયાત હોવાથી પોતાની તમામ વિગતો પોલીસને આપી હતી. કંટ્રોલ રૂમ દ્વારા લોન માંગનારનું નામ, મોબાઈલ નંબર, સરનામુ, ધંધાની વિગતો અને તેઓને કેટલી લોનની જરૂરિયાત છે તેનું વિગતવાર રજિસ્ટર તૈયાર કરવામાં આવ્યું હતું અને આ તમામ વિગતો ઉચ્ચ અધિકારીઓને રિફર કરવામાં આવી હતી. હાલમાં શહેર પોલીસ કંટ્રોલરૂમ અને ઈકોનોમી સેલને જવાબદારી સોંપવામાં આવી છે.

રાજ્યમાં પ્રથમ વખત નાના અને ગરીબ પરિવારો વ્યાજના ખપ્પરમાં ન ફસાય તે માટે પોલીસ જાતે લોકો પાસે લોન માટેના જરૂરી વિગતો અને દસ્તાવેજો મંગાવી રહી છે. નાગરિકો પાસેથી દસ્તાવેજી પુરાવાઓની વિગતો મેળવીને બેંકોને સોપવામાં આવી હોવાની વિગતો પોલીસ કમિશનર અજય તોમરે જણાવી હતી. સાથે સાથે સુરત શહેર પોલીસ કમિશનર દ્વારા ઉચા વ્યાજના વિષચક્રમાં ફસાઈ રહેલા જરૂરિયાતમંદ નાગરિકોને સરળતાથી બેંક લોન મળી રહે તે માટે આજરોજ મંગળવારે લોન કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં 1000 નાગરિકો ઉમટી પડ્યા હતા. આ વિશેષ કેમ્પમાં શહેરની રાષ્ટ્રીયકૃત અને કો-ઓપરેટીવ બેંકના પ્રતિનિધિઓને ખાસ હાજર રાખવામાં આવ્યા હતા. જેથી નાગરિકોને લોન મેળવવા માટે જરૂરી માર્ગદર્શન આપવાની સાથે - સાથે પર્સનલ લોનથી માંડીને વેપાર - ધંધા માટેની લોનની માહિતી સરળતાથી મળી શકે.

પોલીસ જેને...

બાઇક પર આવી રહ્યું હતું. ત્યારે એક કારચાલકે દંપતીને અડફેટે લીધું હતું. અને પતિ-પત્ની બંને રોડ પર પટકાયાં હતાં. અને અચાનક પતિ ગાયબ થઇ જતાં પત્નીએ ગુમ થયાની ફરિયાદ પણ કડોદરા પોલીસને આપી હતી. અને બીજા દિવસે કામરેજના કોસમાડા પાસે પતિની લાશ મળી આવતાં પોલીસ પણ અવઢવમાં પડી હતી. તપાસ દરમિયાન એક કારચાલક યુવકને ૧૨ કિમી સુધી ઘસડીને લઇ જતાં તેનું મોત નીપજ્યું હોવાનું બહાર આવ્યું હતું.પ્રાપ્ત માહિતી અનુસાર મહારાષ્ટ્રના નંદુરબારના મૂળ વતની અને હાલ સુરતના લિંબાયત ખાતે રહેતા સાગરભાઇ આનંદભાઇ પાટીલ (ઉ.વ.૨૪) અને અશ્વિનીબેન પાટીલે પ્રેમલગ્ન કર્યા બાદ લગ્નજીવનમાં અણબનાવ બનતાં અશ્વિનીએ તેના પતિ સાગર તેમજ તેમના પરિવાર સામે નંદુરબારમાં કેસ કર્યો હતો. ત્યારબાદ તેમની વચ્ચે મધ્યસ્થી થઇ જતાં સાગર મિત્રની બાઇક લઇ પત્ની અશ્વિનીને લેવા જોળવા ખાતે આવ્યો હતો. ત્યાંથી ગત તા.૧૮ જાન્યુઆરીએ રાત્રે તે તેની પત્નીને લઇ સુરત જઇ રહ્યો હતો. ત્યારે પાછળથી પૂરઝડપે આવી રહેલી એક અજાણી કારચાલકે બાઇકને અડફેટે લેતાં દંપની રોડ પર પટકાયું હતું. અશ્વિનીબેને અકસ્માત બાદ આસપાસ જોતાં તેનો પતિ ગાયબ હતો. જેથી તેણે આ અંગે કડોદરા પોલીસને જાણ કરી હતી.

એક જાગૃત...

અંગે ગંભીરતાને ધ્યાને લઇ તપાસ હાથ ધરી હતી, જેમાં અકસ્માત સર્જનાર કારચાલક સાગર પટેલને ૧૨ કિ.મી. સુધી ઘસડીને લઇ ગયો હતો. જે કારણસર તેનું મોત નીપજ્યું હોવાનું બહાર આવતાં પોલીસ ગાડીની શોધખોળ કરી રહી છે. ત્યારે એક જાગૃત નાગરિકે અકસ્માત સર્જનાર ગાડીનો વિડીયો પોલીસને આપતાં પોલીસે કાળા કલરની કીયા કાર્નિવલ કાર નં.(જીજે ૧૯ બીએ ૦૨૨૨)ના માલિક બીરેન શિવા આહીર (લાડુમોર) (રહે.,૧૪૭-રાધાકૃષ્ણ સોસાયટી, કડોદરા-બારડોલી રોડ, દસ્તાન, પલસાણા તથા ત્રિમૂર્તિ રાજહંસ સ્વપ્ન, સરથાણા જકાતનાકા, સુરત શહેર)ની પોલીસે તપાસ કરતાં તે ત્યાંથી ભાગી છૂટ્યો હતો. જ્યારે અકસ્માત સર્જનાર કારને પોલીસે સારોલી ખાતેથી કબજે કરી આગળની તજવીજ હાથ ધરી છે.

પ્રથમ પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

નિરાકારમાં જયારે એકાકાર થયા તમે ત્યારે ક્ષણભર લાગ્યું કે નિરાધાર થયા અમે. પરંતુ તમારા સંસ્કાર અને કર્મો સૌના હૃદયમાં ગુંજયા કરે. હરક્ષણ તમારી હાજરીનો અહેસાસ થયા કરે છે. યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે. આપની યાદ અને આદર્શોને સ્મરણાંજલિ સાથે, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.
સ્વ. ભારતીબેન
મનસુખલાલ કાપડીયા
સ્વ. તા. ૨૫/૦૧/૨૦૨૨
લિ. મનસુખલાલ સાકરલાલ કાપડીયા
નિલેશ મનસુખલાલ કાપડીયા અ.સૌ. અનિતા નિલેશ કાપડીયા
યોગેશ મનસુખલાલ કાપડીયા અ.સૌ. પૂર્વી યોગેશ કાપડીયા
પ્રથમ, ભાગ્યેશ, અદિતી, દેવ

પાલવાડા ઔદીચ્ય અવસાન / અંતિમયાત્રા / બેસણું

સ્વ.અ.સૌ. કલ્પના શીરીષ દેસાઈ
સ્વ.તા. ૨૪-૧-૨૦૨૩
(ચક્ષુદાતા)
આથી દિલગીરી પૂર્વક જણાવવાનું કે મારી પત્ની **અ.સૌ. કલ્પના શીરીષ દેસાઈ** નું અવસાન તા. ૨૪-૧-૨૦૨૩ નાં રોજ થયું છે. તેમની અંતિમ યાત્રા તા. ૨૬-૧-૨૦૨૩ સવારે ૯.૦૦ કલાકે અમારા નિવાસ્થાનથી કુરૂક્ષેત્ર જહાંગીરપુરા જશે.
સદગતનું બેસણું : તા. ૨૭-૧-૨૦૨૩ નાં શુક્રવારના રોજ રાખવામાં આવ્યુ છે.
સમય : સાંજે ૪.૦૦ થી ૬.૦૦. સ્થળ : બંગલા નં.-૬, પ્રેરણાનગર સોસાયટી, આઈ.સી.આઈ.સી. બેંકની બાજુમાં, તાડવાડી, રાંદેર રોડ, સુરત.
સંપર્ક સૂત્ર : 98253 35359
લિ.
શિરીષ રમણલાલ દેસાઈ
કુંજલ શિરીષ દેસાઈ (પુત્ર) - સંધ્યા કુંજલ દેસાઈ (પુત્રવધુ)
નિયતી વિપુલ ત્રિવેદી (પુત્રી) - વિપુલભાઈ પ્રમોદચંદ્ર ત્રિવેદી (જમાઈ)
હિતૈષી - હિરવા - ચાર્વી
તથા સમસ્ત દેસાઈ પરિવાર